Extra No. 24

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૨૫/યુડીયુએચડી/એમએસએમ/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૦૮૫૬/એમ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૨૫/યુડીયુએચડી/એમએસએમ/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૦૮૫૬/એમ: ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫નો ૩૦૨/યુડીયુએચડી/એમએસએમ/એમપીએમએલએ/૧૮/૨૦૨૪/૦૮૫૬/એમ સેકશન થી, અમુક વિસ્તારોને બોડેલી નગરપાલિકા તરીકે જાહેર કર્યા છે.

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના બોડેલી નગરપાલિકાના વિસ્તારોની વસતીના આંકડા અનુસાર તેમજ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) બોડેલી નગરપાલિકાના વિસ્તારો, સાત (૭) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા અઠ્ઠાવીસ (૨૮) કાઉન્સિલરની બનશે:

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ (૨૮) બેઠકોમાંથી,-

(૧) એક (૧) બેઠક, અનુસૂચિત જાતિની વ્યક્તિ માટે અનામત રહેશે;

(૨) પાંચ (૫) બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી બે (૨) બેઠકો અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) આઠ (૮) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ચાર (૪) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) ચૌદ (૧૪) બેઠકો, અહીં ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે સ્ત્રીઓ (અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.29 16:00:08 IST